
# એકદંતં મહાકાયં તપ્તકાંચનસન્નિભમ્‌લંબોદરં વિશાલક્ષં વંદેડહં ગણનાયકમ્


**અર્થ-** એક દાંતવાળા, વિશાળ શરીરવાળા, તપાવેલા સોના જેવા કાંતિવાળા, મોટા પેટવાળા અને વિશાળ આંખોવાળા ગણોના અધિપતિ એવા શ્રી ગણેશજીને હું વંદન કરું છું.



શ્રી રામેશ્વર યુવક મંડળ,સુભાનપુરા


નિહાર પરિવાર


સુલતાનપુરા જ્યોતિ યોગાન યુવક મંડળ


લેરીપુરા ન્યુ રોડની પાછળ


શ્રીજી બાળ યુવક મંડળ ભાથુજી ચોક કિશનવાડી


અર્બન રેસીડેન્સી ખટંબા


સ્વસ્તિક રેસીડેન્સી, માંજલપુર


વાડી યુવક મંડળ, વાડી


અમિત ઘોટીકર, શિલ્પા સોસા.


રાજપૂત પરિવાર બરાનપુરા


દક્ષિણી ફળિયા સાર્વજનિક યુવક મંડળ,સિદ્ધનાથ રોડ


વડોદરા શહેર ના સાવંત પરીવાર દ્વારા 100 વર્ષ થી પણ વધુ સમય થી ગણપતિ બાપા ની સ્થાપના પોતાના ઘરે કરે છે.


આયુર્વેદિક યુગમંડળ પાણીગેટ ચાર રસ્તા


હરેશ સાલવા પરિવાર, બ્રિસબેન


વાઘોડિયા ડભોઈ રીંગરોડ સ્થિત રાજદીપ સોસાયટીમાં રહેતા સ્નેહ અને નિર્મિત ચૌહાણ નામના 6 વર્ષના બે ભાઈઓએ ગણેશોત્સવ ઉજવવા ઘરે માટી માંથી ગણપતિ બનાવી ગણેશ વંદના કરી છે


અજય ઉત્તેકર, ઈકો-ફ્રેન્ડલી અને બેલેન્સિંગ

પર્યાવરણ સુરક્ષાનો સંદેશ આપવા અજય ઉપ્તેકરે એક વિશિષ્ટ ઇકો-ફ્રેન્ડલી બેલેન્સિંગ ગણપતિ મૂર્તિ તૈયાર કરી છે.


અવજી લાલસિંગ, ગોત્રી


બાવામઠી યુવક મંડળ

## ગણેશજીનાં વિવિધ નામ

ગણેશજીને અનેક નામોથી ઓળખવામાં આવે છે. દરેક નામ તેમના સ્વરૂપ અને ગુણનું પ્રતિનિધિત્વ કરે છે.

૧. સુમુખાય નમઃ
૨. એકદંતાય નમઃ
૩. કપિલાય નમઃ
૪. ગજકર્ણકાય નમઃ
૫. લંબોદરાય નમઃ
૬. વિકટાય નમઃ
૭. વિઘ્નરાજાય નમઃ
૮. ધૂમ્રવર્ણાય નમઃ
૯. ભાલચંદ્રાય નમઃ
૧૦. વિનાયકાય નમઃ
૧૧. ગણપતયે નમઃ
૧૨. ગજાનનાય નમઃ

આ બાર નામોનું સ્મરણ અને જાપ શુભ માનવામાં આવે છે.

### ગણેશજીના નામસ્મરણનું મહત્વ

ગણેશજીનાં નામોનું સ્મરણ મનને એકાગ્ર બનાવે છે અને ભક્તિભાવને મજબૂત કરે છે. વિવિધ નામોમાં ગણેશજીના અલગ-અલગ ગુણો અને સ્વરૂપોનો ઉલ્લેખ થાય છે. ગણેશજીને પ્રસન્ન કરવા માટે ભક્તિપૂર્વક પૂજા, મંત્રજાપ અને નામસ્મરણ કરવામાં આવે છે. શ્રદ્ધા અને વિશ્વાસથી કરવામાં આવતી આરાધના ભક્તના મનમાં સકારાત્મકતા અને શાંતિનો સંચાર કરે છે.

### ગણેશજીનું ધ્યાન અને મંત્ર

ગણેશજીનું ધ્યાન કરતી વખતે તેમના ગજમુખ સ્વરૂપનું સ્મરણ કરવામાં આવે છે. તેઓ વિઘ્નો દૂર કરનાર, બુદ્ધિ અને જ્ઞાન આપનાર તથા શુભ કાર્યોમાં સફળતા પ્રદાન કરનાર દેવ તરીકે પૂજાય છે. ગણેશજીની આરાધનામાં વિવિધ મંત્રોનો જાપ કરવામાં આવે છે. મંત્રોચ્ચાર સાથે ભક્તિપૂર્વક કરવામાં આવેલી પૂજા મનને શાંત કરે છે અને આધ્યાત્મિક ભાવનાને વધારે છે.

---

વેપારીઓનો પાલિકા સામે આક્રોશ

# રાવપુરા રોડ પર બિસમાર ફૂટપાથ અને ઉંદરોના ઉપદ્રવથી વેપારીઓ તંગ

**વોર્ડ નંબર ૭મા** બે મહિનાથી રજૂઆતો છતાં તંત્ર નિષ્ક્રિયુ

**દુકાનોનો સામાન** કોતરાતાં વેપારીઓને ભારે આર્થિક નુકસાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭ વડોદરા શહેરના મુખ્ય વેપારી વિસ્તાર ગણાતા રાવપુરા રોડ પર તૂટેલી ફૂટપાથના કારણે સ્થાનિક વેપારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રાવપુરા વિસ્તારના વોર્ડ નંબર ૭માં આવેલી આ ફૂટપાથ લાંબા સમયથી બિસ્માર હાલતમાં ફેરવાઈ ગઈ છે, જેના કારણે વેપારીઓના ધંધા-રોજગાર પર માઠી અસર પડી રહી છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા



અનુસાર, ફૂટપાથ તૂટી ગઈ હોવાને કારણે તેની અંદરથી મોટી સંખ્યામાં ઉંદરો બહાર આવી રહ્યા છે અને દુકાનોમાં રહેલો સામાન કોતરીને ભારે આર્થિક નુકસાન પહોંચાડી રહ્યા છે. આ ઉપરાંત ફૂટપાથ પર મોટા ખાડા પડી ગયા હોવા છતાં પાલિકાના સફાઈ કે મરામત કર્મચારીઓ કામગીરી માટે આવતા નથી. વેપારીઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા બે વર્ષથી આ મુશ્કેલી વેઠી રહ્યા છે અને આ મામલે વડોદરા મહાનગરપાલિકામાં છેલ્લા બે મહિનાથી સતત ફરિયાદો આપવામાં આવી રહી છે.

આમ છતાં પાલિકા તંત્ર દ્વારા આ ગંભીર સમસ્યા તરફ કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી કે કોઈ યોગ્ય કામગીરી કરવામાં આવી નથી. અંતમાં, કંટાળેલા વેપારીઓએ વડોદરા મહાનગરપાલિકા પાસે માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ પર આવીને આ તૂટેલી ફૂટપાથનું વ્યવસ્થિત અને કાયમી સમારકામ કરવામાં આવે, જેથી વેપારીઓ તેમજ અહીંથી પસાર થતા રાહદારીઓને પડી રહેલી હાલાકીમાંથી મુક્તિ મળી શકે.

## બકરાવાડી પાસે મકાન પરથી પથ્થર પડતાં યુવાનને ઈજા પહોંચી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭ એકતાનગર, આજવા રોડ ખાતે રહેતા ૩૫ વર્ષીય સોહેલ ઈકબાલ શેખ ગુરુવારે બપોરે અંદાજે ૧:૨૦ વાગ્યાના સુમારે બકરાવાડી રોડ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ એક મકાન પરથી મોટો પથ્થર નીચે પટકાયો હતો, જે સીધો સોહેલભાઈના માથાના ભાગે વાગ્યો હતો. અચાનક બનેલી આ આકસ્મિક ઘટનાને કારણે રસ્તા પર અફડાતફડીનો માહોલ સર્જાઈ ગયો હતો. પથ્થર સીધો માથામાં વાગવાથી સોહેલભાઈ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર જ ફસાઈ ગયા હતા. આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક ધોરણે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. ડૉક્ટરોના જણાવ્યા મુજબ, યુવાનના માથાના ભાગે ઈજા પહોંચી છે હાલ ખતરાથી બહાર છે.

દેશસેવા બાદ હવે નગર સેવા

## વડોદરા પાલિકામાં માજી સૈનિકો માટે નોકરીઓના દ્વાર ખુલશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૭ દેશની સેવામાં પોતાનું યોગદાન આપનાર માજી સૈનિકો માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા એક મહત્વપૂર્ણ અને આવકારદાયક નિર્ણય લેવામાં આવી રહ્યો છે. આગામી સમયમાં હવે વડોદરા કોર્પોરેશનની વિવિધ ભરતીઓમાં માજી સૈનિકો પણ પોતાની સેવાઓ આપી શકશે. તાજેતરમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રાલય અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રના અનુસંધાને વડોદરા મહાનગરપાલિકાએ માજી સૈનિકોને સરકારી નોકરીઓમાં અનામતનો લાભ આપવા માટેની તજવીજ હાથ ધરી છે. આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવાયું છે કે, કોર્પોરેશનની નોકરીઓમાં માજી સૈનિકોને અનામત આપવા સંબંધિત એક દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે, જેને આગામી તારીખ ૧૯મીના રોજ મળનારી વડોદરા કોર્પોરેશનની સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. આ દરખાસ્ત મંજૂર થયા બાદ માજી સૈનિકો માટે વિવિધ વર્ગની સરકારી નોકરીઓમાં ચોક્કસ અનામત બેઠકો ફાળવવામાં આવશે. પ્રસ્તાવિત દરખાસ્ત મુજબ, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓમાં માજી સૈનિકો માટે ૧ ટકા અનામત રાખવામાં આવશે. આ ઉપરાંત, વર્ગ-૩ની નોકરીઓમાં ૧૦ ટકા અને વર્ગ-૪ની જગ્યાઓમાં ૨૦ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ નિર્ણયથી નિવૃત્ત સૈનિકોને નવેસરથી રોજગારીની ઉત્તમ તકો પ્રાપ્ત થશે અને તેમના અનુભવનો લાભ મહાનગરપાલિકાના વહીવટને પણ મળશે. ઉલ્લેખનીય છે કે, વડોદરા મહાનગરપાલિકામાં હાલમાં પણ મહિલાઓ તેમજ દિવ્યાંગો માટે નોકરીઓમાં અનામત કોટાની વ્યવસ્થા અમલમાં છે.

વડોદરામાં તસ્કરોનો તરખાટ

## બેંકના CDM અને બંધ મકાન અને દુકાનમાંથી રૂ.૨.૬૦ લાખની ચોરી

**અલગ અલગ જગ્યા** પર ચોરીને અંજામ આપીને પોલીસ પેટ્રોલિંગના લીરેલીરા ઉડાવતા તસ્કરો

વડોદરા શહેરમાં તસ્કરો જાણે પોલીસ પેટ્રોલિંગને પડકારતા હોય તેમ અલગ-અલગ વિસ્તારોમાં ચોરીની પાંચ ઘટનાને અંજામ આપ્યો હતો. ઈલોરાપાર્ક વિસ્તારમા SBIની રાજેશ ટાવર રોડ શાખાના બેકરૂમનું તાળું તોડી CDM સાથે છેડછાડ કરી રૂ.53 હજારની ચોરી કરવામાં આવી હતી. કારેલીબાગમાં બંધ મકાનમાંથી રૂ.1.80 લાખ રોકડા, જ્યારે સમામાં દુકાનના ડ્રોવરમાંથી રૂ.80 હજાર ચોરી લેવાયા હતા. વડોદરા શહેરમાં 16 સપ્ટેમ્બરના રોજ ચોરીની અલગ-અલગ પાંચ ફરિયાદો નોંધાતા પોલીસ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊભા થયા છે. પ્રથમ બનાવવામાં બે અજાણ્યા શખ્સોએ ઈલોરા પાર્ક વિસ્તારમાં રાજેશ ટાવર રોડ પર આવેલી SBI શાખાના ADWM/CDMના બેકરૂમનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

આરોપીઓએ CDMની LAN કેબલ સાથે છેડછાડ કરી બેંકની રોકડમાંથી આશરે રૂ.53 હજાર ઉપાડી લીધા હતા. પોલીસે CCTV સહિતના આધારે તપાસ શરૂ કરી છે. બીજા બનાવમા કારેલીબાગમાં શિલ્પી સોસાયટીના બંધ મકાનને તસ્કરે નિશાન બનાવ્યું હતું. લોખંડની જાળી ખોલી મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ્યા બાદ તિજોરીમાંથી રૂ.75 હજાર, એલ્યુમિનિયમના ડબ્બામાંથી રૂ.90 હજાર અને સ્ટીલના ડબ્બામાંથી રૂ.15 હજાર મળી રૂ.1.80 લાખ રોકડા ચોરી લેવાયા હતા. ત્રીજા બનાવમા સમા વિસ્તારમાં વૃંદાલય રેસિડેન્સી સામે આવેલી દુકાનમાં અજાણ્યા શખ્સે ફરિયાદીની નજર ચૂકવી લાકડાના ડ્રોવરમાંથી રૂ.80 હજાર રોકડા ચોરી કર્યા હતા. આ બનાવ અંગે સમા પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરમાં ચોરીના વધતા બનાવોના પગલે પોલીસ તંત્રની નાઈટ પેટ્રોલિંગના ધજાગરા ઉડ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ચોરોએ શહેરના કારેલીબાગ જેવા પોષ એરીયામાં બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. જેના પગલે રહીશોમાં ભારે ફફડાટ જોવા મળ્યો હતો. પોલીસે ચોરોનું પગેરુ મેળવવા માટે ઠેરઠેર સીસીટીવી ફૂટેજ મેળવીને કામગીરી શરૂ કરી દીધી છે.

---

વર્લ્ડ રોબોટિક્સ ચેમ્પિયનશિપમાં કરશે ભારતનું પ્રતિનિધિત્વ

## વડોદરાના ૧૧ વર્ષના બાળકોએ બનાવ્યો એઆઈ હોલોગ્રામ રોબોટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.17 વડોદરાની નવરચના ઇન્ટરનેશનલ સ્કૂલ, ભાયલીના ધોરણ 5 ના ત્રણ વિદ્યાર્થીઓ રાઘવ જોશી, આરવ પટેલ અને નીવ સરૈયાએ કમાલ કરી બતાવી છે. ત્રણેય વિદ્યાર્થીઓની ટીમ હોલોનેક્સસે વર્લ્ડ રોબોટ ઓલમ્પિયાડ ડબલ્યુઆરઓ ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનશિપમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ જીત સાથે હવે તેઓ એશિયા-પેસિફિક ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ટીમે છેલ્લા એક વર્ષમાં કોઈપણ તૈયાર કીટ વગર પોતાનો રોબોટ રોબોગાઈડ જાતે ડિઝાઈન, કોડિંગ અને તૈયાર કર્યો છે. આ રોબોટ મ્યુઝિયમ અને હેરિટેજ સ્થળો માટે એઆઈ આધારિત હોલોગ્રાફિક ગાઈડ છે. તે મુલાકાતીઓ સાથે અનેક ભાષાઓમાં વાત કરે છે, હોલોગ્રામ દ્વારા બોલતો અવતાર બતાવે છે, સાંભળવામાં અને જોવામાં તકલીફ ધરાવતા લોકો માટે લાઈવ કેપ્શન અને ઓડિયો સુવિધા આપે છે. કેમેરા અને સેન્સરથી મુલાકાતીઓને ઓળખે છે, ક્યુઆર કોડ સાથે યાદગીરી ફોટો આપે છે અને હવાની ગુણવત્તા તથા ફાયર સેફ્ટી પણ તપાસે છે. ટીમે પોતાના હોલોગ્રામ માટે સરદાર વલ્લભભાઈ પટેલની પસંદગી કરી છે, જેથી એક દિવસ આ રોબોગાઈડને કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી મ્યુઝિયમમાં લઈ જઈ શકાય. આ વર્ષની ડબલ્યુઆરઓની વૈશ્વિક થીમ રોબોટ્સ મીટ કલ્ચર છે, જે ટીમના વિચાર સાથે બિલકુલ મળતી આવે છે. ટીમે પહેલા રિજિયોનલ રાઉન્ડમાં બીજો ક્રમ મેળવ્યો હતો, ત્યારબાદ નેશનલમાં ત્રીજો ક્રમ મેળવીને હવે એશિયા-પેસિફિક રાઉન્ડમાં સ્થાન મેળવ્યું છે, જે વર્લ્ડ ફાઈનલથી એક ડગલું દૂર છે. અમે ઈતિહાસને ફરી બોલતો કરવા માંગતા હતા, એવું ટીમ હોલોનેક્સસના સભ્યએ જણાવ્યું હતું. હવે ટીમ એશિયા-પેસિફિક ચેમ્પિયનશિપની તૈયારી કરી રહી છે.

## પ્રીમિયમના ૧૦૫% પરત મળે તેવો ટર્મ ઈન્સ્યુરન્સ લોન્ચ કરાયો

વડોદરાઃ અવિવા લાઈફ ઈન્શ્યોરન્સ કંપની ઈન્ડિયા લિમિટેડે 'અવિવા સ્માર્ટ રિટર્ન ઓફ પ્રીમિયમ ટર્મ પ્લાન' લોન્ચ કર્યો છે. આ ટર્મ ઈન્શ્યોરન્સ પ્લાન હેઠળ પોલિસીની મુદત પૂર્ણ થાય ત્યાં સુધી પોલિસીધારક જીવિત રહે તો ચૂકવેલા કુલ પ્રીમિયમના 105 ટકા પરત આપવામાં આવશે. પોલિસીની મુદત દરમિયાન લાઈફ કવર પણ ઉપલબ્ધ રહેશે. ગ્રાહકો 10થી 30 વર્ષ સુધીની પોલિસી મુદત અને રૂ. 5 લાખથી રૂ. 50 લાખ સુધીનું જીવન વીમા કવચ પસંદ કરી શકશે. 18થી 60 વર્ષની ઉંમરના લોકો માટે ઉપલબ્ધ આ પ્લાનની મુદત પૂર્ણ થતી વખતે મહત્તમ ઉંમર 75 વર્ષ રાખવામાં આવી છે. પ્લાનમાં અકસ્માતથી થતા મૃત્યુ અને ગંભીર બીમારી માટે વૈકલ્પિક રાઈડર્સ દ્વારા વધારાનું સુરક્ષા કવચ મેળવી શકાય છે. પ્રીમિયમ માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક અથવા વાર્ષિક ધોરણે ભરવાની સુવિધા છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘનો ચોંકાવનારો અભ્યાસ

## ભણાવવાને બદલે પ્રાથમિક શિક્ષકોના 210, માધ્યમિકના 135 દિવસનો બગાડ

**શિક્ષકો ભણાવવાને** બદલે ઓનલાઈન કામમાં વ્યસ્ત

**મુખ્યમંત્રીને પત્ર** લખી One Data-One Platform લાગુ કરવા માંગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17 ગુજરાતની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો શિક્ષણને બદલે ઓનલાઈન અને બિન-શૈક્ષણિક કામગીરીમાં જ વ્યસ્ત રહેતા હોવાનો ચોંકાવનારો અભ્યાસ સામે આવ્યો છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાત દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને બે અલગ પત્ર લખી રજૂઆત કરાઈ છે. સંગઠનના અભ્યાસ મુજબ, ધોરણ 1 થી 8ની 300 વિદ્યાર્થી અને 9 શિક્ષક ધરાવતી પ્રાથમિક શાળામાં UDISE PLUS, PM Poshan, SwiftChat, DIKSHA, BLO જેવી કામગીરી પાછળ વાર્ષિક 1,00,740 મિનિટ એટલે કે 1,679 કલાક એટલે કે 210 પૂરા કાર્યદિવસ જેટલો સમય વેડફાય છે. જ્યારે ધોરણ 9 થી 12ની 240 વિદ્યાર્થી ધરાવતી માધ્યમિક શાળામાં 18થી વધુ પોર્ટલ પાછળ 64,605 મિનિટ એટલે કે 1,076 કલાક એટલે કે 135 દિવસ જેટલો સમય જાય છે. મોટાભાગની શાળામાં 6 શિક્ષક જ હોવાથી લગભગ 200 દિવસ એક શિક્ષક ઓનલાઈન કામમાં રોકાયેલો રહે છે. આ અંગે તંત્ર દ્વારા 31 ઓક્ટોબર સુધીમાં કોઈ નિર્ણય લેવામાં નહીં આવે તો પ્રદેશ કારોબારીમાં આંદોલનના કાર્યક્રમો જાહેર કરાશે તેવી ચીમકી આપવામાં આવતાં હડકંપ મચી જવા પામ્યો હતો.એક જ માહિતી અલગ-અલગ પોર્ટલ પર માંગવી, ટૂંકી મુદતમાં ડેટા માંગવો અને શાળા સમય બાદ રાત્રે પણ માહિતી માંગવાની પ્રથાથી વર્ગખંડનું શિક્ષણ ખોરવાય છે. ઉપરાંત ક્લાર્ક અને શાળા સહાયકની ભરતી ન થવાથી વહીવટી બોજ પણ શિક્ષકો પર આવ્યો છે. આ માટે સંગઠને ખાલી જગ્યાઓ પર તાત્કાલિક ભરતી, તમામ પોર્ટલનું Rationalisation કરી One Data - One Platform સિસ્ટમ લાગુ કરવી, શાળા સમયે ડેટા એન્ટ્રી ન અપાવવી, નવી કામગીરી પહેલા Work Impact Assessment અને Annual Data Calendar જાહેર કરવા સહિત 13 માંગણીઓ કરી છે. જો 31 ઓક્ટોબર સુધીમાં નિર્ણય ન આવે તો પ્રદેશ કારોબારીમાં આંદોલનના કાર્યક્રમો જાહેર કરાશે તેવી ચીમકી અપાઈ છે.

જામ્બુઆમાં બંધ મકાનને તસ્કરોએ બનાવ્યું નિશાન

## કિંમતી માલ ન મળતાં મંદિરમાથી ચાંદીની મૂર્તિ ઉઠાવી તસ્કરો ફરાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.17 વડોદરાના જામ્બુઆ ગામમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. મકાનમાંથી કોઈ કીમતી વસ્તુ હાથ ન લાગતાં તસ્કરો ઘરના મંદિરમાં મુકેલી ચાંદીની મૂર્તિ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સામે આવતા મકરપુરા પોલીસે તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. વડોદરા શહેરમાં તસ્કરોનો જાણે પોલીસ પેટ્રોલિંગનો કોઈ ખોફ રહ્યો ન હોય તેમ ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. જામ્બુઆ ગામમાં હિતેશભાઈ પટેલનું મકાન બંધ હોવાનો લાભ લઈ તસ્કરો ઘરમાં ઘૂસી ગયા હતા. તસ્કરોએ ઘરમાં કીમતી વસ્તુઓની શોધખોળ કરી હતી, પરંતુ ખાસ કશું હાથ ન લાગતાં અંતે ઘરના મંદિરમાં મુકેલી ચાંદીની મૂર્તિ ચોરી કરી હતી.



ચોરી કર્યા બાદ તસ્કરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. મકાનમાં લાગેલા CCTV કેમેરામાં તસ્કરોની અવરજવર અને ચોરીની સમગ્ર ઘટના કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં મકરપુરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને CCTV ફૂટેજના આધારે તસ્કરોની ઓળખ તથા ધરપકડ માટે તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારમાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.